# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૮/૦૮/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ. અટલબિહારી વાજપેયીજીને તેઓના પ્રિય જનસભા સ્થળ કોટસફીલ રોડ ખાતે હજારો ચાહકોએ શ્રધ્ધા સુમન અર્પણ કર્યા.**
- **સુરત શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજીત શ્રધ્ધાંજલિ અર્પિત કરવાના કાર્યક્રમમાં હજારો લોકોએ જનનાયક તથા વિશ્વવિભૂતિ સ્વ. અટલબિહારી વાજપેયીજીને અંજલિ આપી.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય રાજનીતિના શિખરપુરૂષ, જનનાયક તથા વિશ્વવિભૂતિ દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીજીને તેમના પ્રિય જનસભા સ્થળ કોટસફીલ રોડ ખાતે તા. ૧૮/૦૮/૨૦૧૮, શનિવારના રોજ ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા આયોજીત શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં હજારો ચાહકોએ અંજલિ અર્પિત કરી હતી.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

**''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા આયોજીત શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં ભાજપના હજારો કાર્યકર્તાઓ, વિવિધ ધાર્મિક અને સામાજીક સંસ્થાના અગ્રણીઓ, ટેક્ષટાઈલ માર્કેટના વેપારીઓ, ઉદ્યોગપતિઓ, શાળા કોલેજના ટ્રસ્ટીઓ તેમજ વિદ્યાર્થીઓ સહિત હજારો ચાહકોએ ભારતરત્ન સ્વ. અટલબિહારી વાજપેયીજીને શ્રધ્ધાંજલિ આપી હતી. કાર્યક્રમ દરમ્યાન ''જબ તક સૂરજ ચાંદ રહેગા, અટલજીકા નામ રહેગા'', ''અટલજી અમર રહો''ના ગગનચૂંબી નારાઓથી સમગ્ર વાતાવરણ ગૂંજી ઉઠયું હતું.

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ રાષ્ટ્રપુરૂષ સ્વ. અટલબિહારી વાજપેયીજીને શ્રધ્ધાંજલિ અર્પિત કરતા જણાવ્યું હતું કે સ્વ. વાજપેયીજીનો સુરત શહેર સાથે એક અતૂટ અને અનમોલ નાતો રહ્યો છે. તેઓના નિધનથી રાષ્ટ્રને ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ પડી છે. ભારત દેશે એક પ્રેમાળ હૃદય, વિશ્વવિભૂતિ, કવિ, પત્રકાર, ભારતીય રાજનીતિના ભિષ્મપિતા, ભાજપ કાર્યકર્તાઓના પિતાતુલ્ય, પ્રખર રાષ્ટ્ર ભક્ત ખોઈ દીધા છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં સુરત શહેર સંગઠનના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને હજારો ચાહકો ઉપસ્થિત રહ્યા હતા.



# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.






